અપીલ અરજી નં.૨૧૩ તા.૪–૧૦ –૧૦/૧૧

અરજદારઃ– શ્રી નિલેશ ડી. બુંદેલા
સામાવાળાઃ– એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી નિલેશ ડી. બુંદેલાની આઈ ડી નં.૬૦૪ તા.૩૧–૮–૧૦ ની અરજીથી (૧) શહેર સુરતના નાનપરા બહુમાળી બિલ્ડીંગ પાછળ ખારવાવાડ વિસ્તારમાં આવેલ વોર્ડ નં.૧, નોંધ નં.૬૩૩ પૈકી હિસ્સા નં.૧ વાળી જમીન ઉપર બંધાવવામાં આવેલ ઉપાસના એપાર્ટ.ના નામથી ઓળખાતી રહેણાંકની વસવાટની બિલ્ડીંગનું બાંધકામ કરેલ છે જે બાંધકામ કરવા માટે સુરત મહાનગરપાલિકાના સેન્ટ્રલ ઝોન, શહેર વિકાસ ખાતા, સુરત માંથી બાંધકામ કરવા માટેનો જે પ્લાન મંજુર કરવામાં આવેલ છે, તે મંજુર પ્લાનની સહી–સિકકાવાળી સર્ટીફાઈડ નકલ આપશોજી. (૨) બાંધકામ કર્યાની રજાચિઠ્ઠીની સહી સિકકાવાળી સર્ટીફાઈડ નકલ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૪–૧૦–૧૦ ની **SMC/FAP/** નં.૨૧૩/૨૦૧૦–૧૧

શ્રી નિલેશ ડી. બુંદેલાની આઈ ડી નં.૬૦૪ તા.૩૧–૮–૧૦ ની અરજીથી (૧) શહેર સુરતના નાનપરા બહુમાળી બિલ્ડીંગ પાછળ ખારવાવાડ વિસ્તારમાં આવેલ વોર્ડ નં.૧, નોંધ નં.૬૩૩ પૈકી હિસ્સા નં.૧ વાળી જમીન ઉપર બંધાવવામાં આવેલ ઉપાસના એપાર્ટ.ના નામથી ઓળખાતી રહેણાંકની વસવાટની બિલ્ડીંગનું બાંધકામ કરેલ છે જે બાંધકામ કરવા માટે સુરત મહાનગરપાલિકાના સેન્ટ્રલ ઝોન, શહેર વિકાસ ખાતા, સુરત માંથી બાંધકામ કરવા માટેનો જે પ્લાન મંજુર કરવામાં આવેલ છે, તે મંજુર પ્લાનની સહી–સિકકાવાળી સર્ટીફાઈડ નકલ આપશોજી. (૨) બાંધકામ કર્યાની રજાચિઠ્ઠીની સહી સિકકાવાળી સર્ટીફાઈડ નકલની માહિતી આપવા બાબતે એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોનના પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ./૮૦૩ તા.૧૪–૯–૧૦ થી આપેલ માહિતી માંગ્યા મુજબ મળેલ ન હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૪–૧૦–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા વધુમાં અપીલના મુદ્દા અંગે તેઓનો પક્ષ રજુ કરવા તથા વિકાસ પરવાનગી, પાણી, ડ્રેનેજ સુવિધા આનુષાંગીક દફતરે/ રજીસ્ટરે ચકાસણી કરી હકીકત પણ જણાવવા પત્ર નં.આરટીઆઈ સેલ/૭૯૩ તા.૧૧–૧૦–૧૦ થી એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) તથા અરજદારને અપીલ અરજીમાં તેમના દાવા અનુસાર જે દસ્તાવેજોના સંદર્ભ આધારે વિકાસ પરવાનગી વિગેરે આપ્યાના નિર્દેશ ધરાવતા કોઈ આધાર પુરાવા તેઓ કક્ષાએ હોય તો રજુ કરવા જણાવવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી સે.ઝોન/ આરટીઆઈ/આ.નં.૧૦૫૬ તા.૨૭–૧૦–૧૦ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ અને અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૮૦૩ તા.૧૪–૯–૧૦ થી આપેલ માહિતીની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી પૂરક વિગતોમાં અત્રેના પત્ર સંદર્ભે તા.૧૯–૧૦–૧૦ થી અદલાબદલીની દસ્તાવેજી નકલ રજૂ કરેલ છે પરંતુ બાંધકામ બાબતે કોઈ પુરાવા રજૂ કરેલ નથી.

અરજદારની આઈ ડી નં.૬૦૪ ૩૧–૮–૧૦ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની વિગતે માહિતી માંગતી અરજી શહેર વિકાસ અધિકારી સેન્ટ્રલઝોનને કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૮૦૩ તા.૧૪–૯–૧૦ થી " વોર્ડ નં.૧ નોંધ નં.૬૩૩ પૈકી હિસ્સા નં.૧ વાળી મિલ્કતે ઝોન કચેરીનો ઉપલબ્ધ રેકર્ડ ચકાસતાં વિકાસની પરવાનગી આપવામાં આવેલ હોવાનું જણાય આવેલ નથી." તેવું જણાવેલ છે. જે બાબતે અરજદારે તા.૧૪–૯–૧૦ ના રોજ માંગણી મુજબની માહિતી નહીં આપવાથી તા.૪–૧૦–૧૦ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં અરજદારે વોર્ડ નં.૧ નોંધ નં.૬૩૩ પૈકી ૨૧૮.૨૨.૨૧ સમ ચો.મી. વાળી જમીન ઉપર બાંધવામાં આવેલ ઉપાસના એપાર્ટ. હાઉસીંગ સોસા.ના બાંધકામ અંગેના મંજુર થયેલ પ્લાન તથા તે અંગેના બાંધકામની રજાચિઠ્ઠી અંગેનું છે. સદર એપાર્ટ. કાયદેસરની તમામ જોગવાઈઓ તથા વિકાસ પરવાનગી મેળવ્યા બાદ બાંધવામાં આવેલ છે અને અમો અરજદાર તે જ એપાર્ટ. માં ફલેટ નં.જી/૬ માં આશરે ૨૫ વર્ષ ઉપરાંત થી રહેતા ચાલી આવેલ છે જે સંજોગોમાં વિકાસ પરવાનગી આપવામાં આવેલ નહીં હોવાની માની શકાય તેમ નથી. જેથી જાહેર માહિતી અધિકારીએ જણાવેલ કારણ અયોગ્ય અને પાયા વગરનું હોવાનું માની શકાય તેમ છે તેવી રજૂઆત કરેલ છે. જેથી માંગ્યા મુજબની માહિતી આપવાની રજૂઆત કરેલ છે. જે સંદર્ભે અરજદારને અપીલ તબકકે પત્ર નં.આરટીઆઈ સ ેલ/૭૯૩ તા.૧૧–૧૦–૧૦ થી દાવા અનુસાર જે દસ્તાવેજોના સંદર્ભ આધારે વિકાસ પરવાનગી વિગેરે આપ્યાના નિર્દેશ ધરાવતાં કોઈ આધાર પુરાવા તેમની કક્ષાએ હોય તો તે રજૂ કરવા જણાવવામાં આવેલ. જે બાબતે ડીડ ઓફ એક્ષ્ચેંજ ની તા.૨–૬–૮૦ સબ રજીસ્ટ્રાર સુરત ખાતે થયેલ નકલ રજૂ કરેલ છે. પરંતુ બાંધકામ બાબતે વિકાસ પરવાનગી આપ્યા અંગેના નિર્દેશવાળા કોઈ આધાર કે વાજબીપણું રજૂ કરેલ નથી. અત્રે એ પણ સૂચક છે કે અરજદારે માંગેલ માહિતી હેઠળના દસ્તાવેજમાં તેમણે જ રજૂ

કરેલ અદલા–બદલીના દસ્તાવેજ જોતાં તેઓ સીધા પક્ષકાર તેમાં જણાતા નથી. જો તેઓ યથાનુક્રમે ધારણકર્તા હોય તો "ખરીદનાર સાવધાન" સિધ્ધાંત અનુસાર બાબત હેઠળના દસ્તાવેજો તેઓ કક્ષાએ અગર ખરીદનાર કક્ષાએ હોવાનું અનુમાનિત છે. જે વિશ્વસનીય સબંધ હેઠળ પણ તેમને ઉપલબ્ધ થઈ શકે. વધુમાં અરજદારે અપીલમાં કરેલ રજૂઆત અનુસાર સીટી સર્વેમાં તેની નોંધણી થયેલ છે. સામાન્ય રીતે સીટી સર્વેમાં નોંધણી પૂર્વે અરજદારે માંગેલ દસ્તાવેજો રજૂ થતા હોઈ તેના આધારે નોંધ અદ્યતન થતી હોય પરંતુ તેવા કોઈ દસ્તાવેજ પણ અરજદારે સીટી સર્વે નોંધણીના ઉતારા સાથે રજૂ કરેલ નથી. જાહેર માહિતી અધિકારી પક્ષે અપીલ તબકકે ડ્રેનેજ, પાણી કે અન્ય માળખાગત સુવિધા પૂરી પાડવાના દફતરી સંદર્ભે કોઈ વિગતો હોય તો રજૂ કરવા જણાવેલ પરંતુ તેવી કોઈ વિગતો રજૂ કરવામાં આવેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની આઈ ડી નં.૬૦૪ તા.૩૧–૮–૧૦ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી સંબંધે ઉપલબ્ધ રેકર્ડ ચકાસતાં વિકાસ પરવાનગી આપવામાં આવેલ હોવાનું જણાય આવેલ નથી. જે અંગે અરજદાર ઈચ્છુક હોય તો જાહેર માહિતી અધિકારીનો દિન–૭ માં આગોતરો સમય મેળવી બાબત હેઠળની પરવાનગી રજીસ્ટર તથા સદર મિલ્કતને લગતી પાણી, ડ્રેનેજ કે રોડ–રસ્તાની સુવિધાને લગતા ઉપલબ્ધ સબંધિત દફતરની તપાસણી આરટીઆઈ એકટની કલમ–૭(૩) સાથે નિયમ–પ હેઠળ લાગુ કિસ્સામાં નિયત ફી ભરપાઈ કરીને મેળવવા સ્વતંત્ર છે.

અરજદાર તરફથી તેવી માંગણી થયે હુકમની અમલવારી કરવા એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) ને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૧–૧૦

ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) ...જાણ તથા અમલ માટે
(૨) શ્રી નિલેશ ડી. બુંદેલા